# Mark Scheme (Results)

# Summer 2024

## Pearson Edexcel GCSE
## In Gujarati (1GU0)
## Paper 1H Listening and understanding in Gujarati

**Edexcel and BTEC Qualifications**

Edexcel and BTEC qualifications are awarded by Pearson, the UK's largest awarding body. We provide a wide range of qualifications including academic, vocational, occupational and specific programmes for employers. For further information visit our qualifications websites at www.edexcel.com or www.btec.co.uk. Alternatively, you can get in touch with us using the details on our contact us page at www.edexcel.com/contactus.

**Pearson: helping people progress, everywhere**

Pearson aspires to be the world's leading learning company. Our aim is to help everyone progress in their lives through education. We believe in every kind of learning, for all kinds of people, wherever they are in the world. We've been involved in education for over 150 years, and by working across 70 countries, in 100 languages, we have built an international reputation for our commitment to high standards and raising achievement through innovation in education. Find out more about how we can help you and your students at: www.pearson.com/uk

Summer 2024
Question Paper Log Number P75415A
Publications Code 1GU0_1H_2406_MS
All the material in this publication is copyright
© Pearson Education Ltd 2024

# GCSE June 2024 Gujarati Higher tier

## Paper 1 Mark scheme

There are no marks for quality of language or spelling in this paper, therefore errors in the Gujarati script will be tolerated as long as the message is not ambiguous and it does not prevent communication. Such errors include where a candidate has mis-copied a Gujarati word or name.

**SECTION A**

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1(a)** | કપડાં | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1(b)** | અદેખાઈ | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1(c)** | ઓળખ | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1(d)** | મોંઘાં | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **1(e)** | આત્મવિશ્વાસ | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(a)** | મોકો | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(b)** | અગાઉ | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(c)** | ઉપલબ્ધ | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(d)** | મનગમતી | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **2(e)** | અગાઉ | **(1)** |

**SECTION B**

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3(i)** | The only correct answer is A – using<br><br>B is not correct because there is no mention of storing<br>C is not correct because there is no mention of carrying<br>D is not correct because there is no mention of labelling | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3(ii)** | The only correct answer is D – safety<br><br>A is not correct because no importance is given to enjoyment<br>B is not correct because no importance is given to competition<br>C is not correct because no importance is given to friendship | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3(iii)** | The only correct answer is C – qualifying<br>A is not correct because logically it is not correct<br>B is not correct because training before competitions is not mentioned<br>D is not correct because the text is about kayaking | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **3(iv)** | The only correct answer is B – fitness<br><br>A is not correct because there is no mention of swimming<br>C is not correct because there is no mention of grades<br>D is not correct because there is no mention of diving | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **4** | B, E, G | **(3)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **5(i)** | The only correct answer is D – outdoor meals<br><br>A is not correct because fine dining is indoors<br>B is not correct because there is no mention of raw food<br>C is not correct because restaurant food is not mentioned | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **5(ii)** | The only correct answer is C – tolerant<br><br>A is not correct because there is no mention of being motivated<br>B is not correct because there is no mention of being dependent<br>D is not correct because there is no mention of being popular | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **5(iii)** | The only correct answer is A – lake<br><br>B is not correct because there is no mention of a river<br>C is not correct because there is no mention of a temple<br>D is not correct because there is no mention of a farm | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **6(a)** | Playing made up games | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **6(b)** | Hear about his experiences<br>Any answer that indicates listening to **his** stories. | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **6(c)** | Any **two** of the following<br>Writing or translating skills (in English) (1)<br>Art (1)<br>Creation of games (1) | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **6(d)** | Her childhood experiences (not individual skills) | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **7(a)** | Any **one** of the following<br>Earn money (1)<br>Easily get a good job (1) | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **7(b)** | Any **one** of the following<br>Designing (1)<br>Constructing (1)<br>Any answer indicating construction work should be accepted | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **7(c)** | Be useful to the general public | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **7(d)** | Young people | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **7(e)** | Have a long life | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(a)(i)** | The only correct answer is A – voice<br><br>B is not correct because she is a vocalist<br>C is not correct because there is no mention of strength<br>D is not correct because she is not a presenter | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(a)(ii)** | The only correct answer is D - excited<br><br>A is not correct because there is no mention of people dancing<br>B is not correct because there is no mention of being sad<br>C is not correct because there is no mention of people singing | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(a)(iii)** | The only correct answer is B – global<br><br>A is not correct because the programme became a global event<br>C is not correct because the programme became a global event<br>D is not correct because the programme became a global event | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(b)(i)** | The only correct answer is D - participation<br><br>A is not correct because there is no mention of publication<br>B is not correct because there is no mention of direction<br>C is not correct because there is no mention of position | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(b)(ii)** | The only correct answer is C - traditional<br><br>A is not correct because modern dances are not mentioned<br>B is not correct because street dances are not mentioned<br>D is not correct because contemporary dances are not mentioned | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **8(b)(iii)** | The only correct answer is A - proceeds<br><br>B is not correct because recommendations is not mentioned<br>C is not correct because feedback was not given<br>D is not correct because logically it does not make sense | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(a)(i)** | A language organisation (British) | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(a)(ii)** | Undertake training | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(a)(iii)** | Any **two** of the following<br>Conversation (1)<br>Songs (1)<br>Games (1)<br>Drama (1) | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(a)(iv)** | Online shopping | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(b)(i)** | Improved his Gujarati | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(b)(ii)** | Preparation (accept Research) | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(b)(iii)** | By working with experienced teachers<br>**AND**<br>By learning about various teaching methods | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **9(b)(iv)** | Open training centres | **(1)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(i)** | A, E | **(2)** |

| Question number | Answer | Mark |
|---|---|---|
| **10(ii)** | C, E | **(2)** |

# Transcript

Summer 2024

Pearson Edexcel GCSE

In Gujarati (1GU0) Paper 1H

## SECTION A

### શાળાનો ગણવેશ

**પ્રશ્ન ૧**

**ઉદાહરણ:**

**F2:** મારા મતે, શાળામાં ગણવેશ ફરજિયાત હોવો જોઈએ કારણ કે તે પહેરવાથી વિદ્યાર્થીઓ સમાનતાની લાગણી અનુભવે છે.

**પશ્ન ૧**

**F2:** ગણવેશ પહેરવાથી તેઓ પોતાની પસંદનાં કપડાં શોધવામાં સમય બગાડતાં નથી. પોશાકને લગતી અનેક બાબતો વિશે તેઓ વચ્ચે હરીફાઈ પણ થતી નથી. ઉપરાંત, શાળાનાં પર્યટનોમાં કે ભીડમાં શિક્ષકો સહેલાઈથી તેઓને શોધી શકે છે.

**M1:** હું માનું છું ગણવેશ ફરજિયાત ન હોવો જોઈએ. આજકાલ કેટલીક શાળાઓના ગણવેશ માટે ખૂબ પૈસા ખર્ચવા પડે છે જેથી ઘણાં માતા-પિતા નાખુશ છે. બીજું કે વિદ્યાર્થીઓ મનપસંદ કપડાં દ્વારા પોતાના વ્યક્તિત્વને ચમકાવી શકે છે.

## પ્રવાસ-એક વીગનની દૃષ્ટિએ

**પ્રશ્ન ૨**

**ઉદાહરણ:**

**F1:** છેલ્લાં કેટલાંક વર્ષોથી વધુને વધુ લોકો *વીગન* બની રહ્યા છે એટલે કે, તેઓ માંસ, દૂધ, દહીં અને ઇંડાંની બનાવટની કોઈપણ વસ્તુઓ ખાતાં નથી.

**પ્રશ્ન ૨**

**F1:** રચના, હું કડક શાકાહારી એટલે કે *વીગન* છું. જ્યારે હું દક્ષિણ અમેરિકાના પ્રવાસ પર ગઈ હતી ત્યારે ખાવાપીવા વિશે ખૂબ જ ચિંતિત હતી. વિમાનની સફર માટે પહેલેથી *વીગન* ભોજન નોંધાવ્યું હતું. લગભગ બધાં હવાઈમથકે આ પ્રકારના નાસ્તા કે ભોજન તો મળતાં જ હોય છે.

**F2:** પ્રિયંકા, મેં **તો** દરેક શહેરની વીગન રેસ્ટોરાંની યાદી બનાવી હતી એટલે ક્યાંય તકલીફ ન પડી. હું જ્યાં જ્યાં ગઈ હતી ત્યાંનાં ભોજનાલયના રસોઇયા મને ભાવે તેવું પૌષ્ટિક શાકાહારી જમવાનું બનાવી આપતાં. બે દિવસનાં પર્વતારોહણ દરમિયાન જોઈતાં ભોજનની સગવડ ક્યારેક મળતી ન હતી એટલે મેં ઘરેથી લાવેલી વાનગીઓની મજા લેતી.

**SECTION B**

**Kayaking**

**Question 3**

**Example:**

**M2:** રજત અને હું યુવાનોને કાયાકિંગ, એટલે કે *કાયાક* નામની હોડી ચલાવતા શીખવીએ છીએ.

**Question 3**

**M2**: વિદ્યાર્થીઓની સલામતી માટે અમે જરૂરી સરસામાનના ઉપયોગ વિશે માહિતી આપીએ. પછી, હોડી પર સુરક્ષિત રીતે ચડવા અને ઊતરવાની રીત બતાવીએ. *કાયાક*માં આગળ વધવું અને વળવું સહેલું હોય છે. તેઓને આટલું આવડી જાય ત્યારબાદ હોડીને ધ્યાન રાખીને કેવી રીતે ચલાવવી તે શીખવીએ.

**M1:** તેઓ એક-બે પ્રમાણપત્ર મેળવી લે પછી વિવિધ હરીફાઈઓમાં ભાગ લઈ શકે. દરેક વ્યક્તિએ તાલીમ લેવા માટે ઘણી મહેનત કરવી પડે. યુવાનો ખૂબ મજા કરી શકે અને સાથે સાથે નવા મિત્રો પણ બનાવી શકે. આ પ્રવૃત્તિ કરવાથી તેઓનાં માનસિક તેમજ શારીરિક બળમાં વધારો થાય છે.

**My best friend**

**Question 4**

**Example:**

**M1:** કોઈની સાથે મિત્રતા કરવી સહેલી છે, પણ વફાદાર મિત્રો મળવા બહુ અઘરા છે.

**Question 4**

**M1:** મુશ્કેલીના સમયમાં જે સાથ ન છોડે તેને ખરો મિત્ર કહેવાય. મારો શ્રેષ્ઠ મિત્ર ચેતન મારા વર્ગમાં જ છે. મારા જીવનમાં તેનું સ્થાન મારા પોતાના ભાઈ-બહેન કરતાં પણ વિશેષ છે. તે સૌને ખૂબ માન આપે. ચાલાક હોવા છતાં મેં તેને ક્યારેય કોઈને છેતરતાં જોયો નથી. તે હંમેશાં દરેકને મદદ કરવા તૈયાર જ હોય.

અમે રમતગમત અને શાળાનું ઘરકામ સાથે કરીએ. નિયમિતતા તેની ખાસિયત છે. તે હંમેશાં બધું સમયસર કરે. તેને કોઈ ખરાબ ટેવ નથી અને મને પણ બધી ખરાબ આદતોથી દૂર રાખે છે. ચેતન જેવો આદર્શ મિત્ર મળવો મુશ્કેલ છે!

**A memorable hiking trip**

**Question 5**

**Example:**

**F1:** પગપાળા પ્રવાસ કરવાથી કુદરતનો આનંદ માણી શકાય, સ્થળોને આરામથી જોઈ શકાય તેમજ શરીરને તંદુરસ્ત રાખી શકાય.

**Question 5**

**F1:** મહેસાણા શહેરથી *માઉન્ટ આબુ*ના ચાર દિવસના પ્રવાસનું આયોજન શાળામાંથી કરવામાં આવ્યું હતું. અમે પાંચ વિદ્યાર્થીઓએ એક શિક્ષક સાથે પગપાળા મુસાફરી કરી હતી. મોટા થેલામાં કપડાં, ખાવાપીવાનું અને જરૂરી વસ્તુઓ લઈને અમે નીકળી પડ્યાં. દરરોજ ત્રીસ કિલોમીટર ચાલીને રાત્રે મેદાનમાં તંબૂ તાણીને રહેતાં. જમવાનું લગભગ જાતે બનાવતાં અથવા ક્યારેક લારીનું ખાવાનું ખાતાં.

*વડનગર* શહેર પસાર કરીને *તારંગા* ગામ પહોંચ્યાં. ત્યાંની અદ્દભુત ટેકરીઓ પર ચડ-ઉતર કરવાની તો શું મજા પડી! અન્ય સ્થળો જોતાં જોતાં *માઉન્ટ આબુ* આવ્યાં. રસ્તામાં તકલીફો તો ઘણી પડી પણ અમે તેનો હિંમતપૂર્વક સામનો કર્યો હતો. ડુંગરોની વચ્ચે આવેલ *નખી* તળાવની સુંદરતા જોઈને બધો થાક ઉતરી ગયો.

My childhood

## Question 6

**F2:** અમારું સંયુક્ત કુટુંબ હતું. મારા અને મારા ભાઈ આમીર વચ્ચે બે વર્ષનો ફરક છે. અમારો ઉછેર પોરબંદરમાં થયો હતો. અમે આખો દિવસ ખેતરોમાં જુદી જુદી રમતો બનાવીને રમતાં. ચોથા વર્ગ સુધી અમારી નિશાળ એક જ હતી પણ ત્યાર બાદ આમીરને માતા-પિતાએ મોટા શહેરમાં એક અંગ્રેજી માધ્યમની શાળામાં ભણવા મોકલ્યો.

રજાઓમાં તે ઘરે આવતો ત્યારે હું હંમેશાં તેના અનુભવો વિશે સાંભળવા આતુર રહેતી. તેની સાથે અંગ્રેજીમાં વાતો કરીને મારો આત્મવિશ્વાસ વધ્યો હતો. બચપણમાં બનાવેલી રમતોનું અંગ્રેજીમાં ભાષાંતર કરવાનું અમે નક્કી કર્યું. આ રીતે બાળકો માટે પુસ્તકો લખવાની શરૂઆત થઈ. નાની ઉંમરમાં સહેલીઓ સાથે શીખેલી ચિત્રકામની કળા પણ અહીં ઘણી કામ લાગી. રંગબેરંગી ચિત્રોવાળાં અમારાં પુસ્તકોએ બાળકોનાં મન મોહી લીધાં! આમ બાળપણમાં મેળવેલા અનુભવોથી મારું લેખિકા બનવાનું સપનું પૂરું થયું.

**Future career plans**

**Question 7**

**M2:** સીતા, મારાં માતા-પિતા કહે છે કે મારે દાક્તર બનવું જોઈએ પણ મને ઇજનેરીના વ્યવસાયમાં રસ છે, ખાસ કરીને બાંધકામમાં. આ વિષય એવો છે કે જેમાં હું ભણવાની સાથે કામ કરી શકીશ જેના માટે મને પગાર પણ મળશે. તેથી, ભવિષ્યમાં સહેલાઈથી સારી નોકરી મળી જશે. જનતાને સેવાઓ આપતી સરકારી કંપનીઓ સાથે હું કામ કરી શકીશ. તેઓ નવી રચનાઓ અને બાંધકામનાં કાર્યો માટે જવાબદાર હોય છે. સમાજને ઉપયોગી થવા માટે આ શ્રેષ્ઠ કારકિર્દી છે.

**F2:** રામ, હું પણ આરોગ્યની શિક્ષિકા બનીને જનતા સાથે કામ કરવા ઇચ્છું છું. નિશાળો અને ગુજરાતી સમાજ કેન્દ્રોમાં ખાસ કરીને યુવાવર્ગ માટે હું કાર્યોક્રમોનું આયોજન કરીશ. હું તંદુરસ્ત રહેવા વિશે સમજણ અને માહિતી આપી શકીશ. તે સિવાય, ખરાબ આદતોથી થતા ગેરફાયદા તરફ ધ્યાન દોરી, આવી ટેવ છોડાવવા માટે ટેકો આપીશ. જો આપણી તંદુરસ્તી સારી હશે તો લાંબું જીવી શકીશું.

**A musical event**

**Question 8**

**Example:**

**M2:** મંજરી, તેં ગુજરાતી શાળાના વિદ્યાર્થીઓ માટે જે સંગીતના કાર્યક્રમનું આયોજન કર્યું હતું તેના વિશે કહે.

**Question 8 Part (a)**

**F1:** હા સાત્વિક. ગુજરાતના કચ્છ જિલ્લામાં જન્મેલાં, કિંજલબહેન રબારીએ વિવિધ દેશોના સંગીતકારો સાથે કાર્યક્રમની શરૂઆત કરી. તેઓએ પ્રાચીન અને આધુનિક ગુજરાતી ગીતો પોતાના સૂરીલા અવાજમાં રજૂ કર્યાં. પરંપરાગત વાજિંત્રો સાથે એવી રજૂઆત કરી કે લોકોએ તેમનાં પર ફૂલોનો વરસાદ વરસાવ્યો! દૂરદર્શન પર આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ દુનિયાભરમાં કરવામાં આવ્યું હતું. બધાંએ ખૂબ આનંદ માણ્યો. માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વમાં પણ એક પ્રખ્યાત ગાયિકા તરીકે તેઓએ નામના મેળવી છે.

**Question 8 Part (b)**

**M2:** આ કાર્યક્રમથી તને શું લાભ થયો?

**F1:** મને પહેલી વખત મંચ પર તબલા વગાડવાની તક મળી હતી. મારી વર્ષોની મહેનત સફળ થઈ. અડધા કલાકના વિરામ પછી રાસ-ગરબાની શરૂઆત થઈ હતી. મેં અને મારી સખીઓએ બધાને જુદી જુદી ઢબનાં રાસ-ગરબા રમતાં શીખવાડ્યાં. સૌને રંગબેરંગી ગુજરાતી પોશાકોમાં જોઈને એવું લાગતું હતું કે જાણે કચ્છમાં કોઈ ઉત્સવ ઉજવાતો હતો. સૌથી સારું રમનારા માટે ઇનામો પણ હતાં. કિંજલબહેને આ પ્રસંગનો રંગ રાખ્યો. ટિકિટનાં વેચાણમાંથી ખૂબ પૈસા ભેગા થયા હતા, જેનાથી કચ્છની ઘણી શાળાઓમાં બાળકોને સંગીત શીખવાની તક મળશે.

**Question 9**

**Question 9 Part (a)**

**M1:** બ્રિટનમાં આવેલી એક ભાષા સંસ્થાની યોજના હેઠળ હું સુરત આવ્યો છું. ત્યાંની એક માધ્યમિક નિશાળમાં અંગ્રેજી ભાષાના મદદનીશ તરીકે નોકરી કરું છું. કામ શરૂ કરતાં પહેલાં મને જરૂરી તાલીમ આપવામાં આવી હતી, ખાસ કરીને બાળ સુરક્ષા વિશે. વિદ્યાર્થીઓ વાતચીત, ગીતો અને રમતો દ્વારા અંગ્રેજી શીખે. શબ્દોના ઉચ્ચાર પર હું ખૂબ ધ્યાન આપું. બીજી શાળાઓ સાથે અંગ્રેજી નાટકોનું આયોજન કરું. નાટકોમાં ભાગ લેવાથી તેઓનો આત્મવિશ્વાસ વધે છે તેમજ તેઓ એકબીજા પાસેથી ઘણું શીખે. હું તેઓને વસ્તુઓની ખરીદી, ઑનલાઇન કેવી રીતે કરવી તે બતાવું જેથી તેઓને વ્યવહારિક અનુભવ મળે.

**Question 9 Part (b)**

**M1:** વિદ્યાર્થીઓને અંગ્રેજીમાં પ્રગતિ કરતા જોઈને હું ખૂબ ખુશ છું. સાથે સાથે મારી ગુજરાતી ભાષા પણ ખીલવા લાગી છે કેમ કે શિક્ષણકાર્યમાં હું બંને ભાષાનો ઉપયોગ કરું છું. નિશાળના કાર્યક્રમોમાં જ્યારે તેઓને કોઈ તહેવાર વિશે બોલવાની તક મળે ત્યારે પહેલાં હું પોતે તે વિષય ઉપર તૈયારી કરું. પછી બાળકોને અંગ્રેજીમાં તેની રજૂઆત કરતા શીખવાડું. બીજા અનુભવી શિક્ષકો સાથે કામ કરવાથી હું ભણાવવાની જુદી જુદી રીતો શીખી શક્યો. મારે ગુજરાતનાં અનેક શહેરોમાં ભાષા મદદનીશો માટે તાલીમ કેન્દ્રો ખોલવા છે.

**Importance of trees**

**Question 10**

**Example**:

**M2:** આપણી સંસ્કૃતિમાં વૃક્ષોને કુટુંબના સભ્યો માનવામાં આવે છે કારણ કે મનુષ્યનાં જીવનમાં તેમનું સ્થાન ખૂબ અગત્યનું છે.

**Question 10 Part (i)**

**M2:** વૃક્ષના દરેક ભાગનો ઘણી રીતે ઉપયોગ કરવામાં આવે છે જેમ કે, રહેઠાણ, દવાઓ, ભોજન, કાગળ વગેરે. ઝાડનાં વિવિધ રંગોનાં પાન તથા ફૂલ જોઈને મન ખુશ રહે છે. તેની નીચે બાળકોને રમવાની તેમજ લોકોને આરામ કરવાની શું મજા પડે! સાથે સાથે વૃક્ષ હવાને ચોખ્ખી કરે છે. આજકાલ કેટલાય દેશોની વસ્તીમાં વધારો થવાથી વધુ મકાનો અને રસ્તાઓ બનાવવામાં આવી રહ્યાં છે જેથી, જંગલ ઓછાં થતાં જાય છે. પરિણામે વરસાદનું પ્રમાણ ઘટી રહ્યું છે અને વાતાવરણમાં પ્રદૂષણ વધી રહ્યું છે. આ અટકાવવા માટે વૃક્ષારોપણ કરવું જોઈએ.

**Question 10 Part (ii)**

**F2:** વૃક્ષોની અગત્યતા અને જાળવણી વિશે હવે સમજ વધતી જાય છે. પાંચમી જૂન, વિશ્વ પર્યાવરણ દિવસ તરીકે ઉજવાય છે. તે દિવસે અમારી શાળામાં આ વિષયને અનુરૂપ ચર્ચાવિચારણા અને વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થાય. કેટલીક સંસ્થાઓ વિના મૂલ્યે નિશાળમાં જુદા જુદા છોડ મોકલે છે. પર્યાવરણ ક્લબ દ્વારા દરેક વર્ગ માટે છોડ રોપવાના કાર્યક્રમની વ્યવસ્થા અમે કરીએ. આવી સુંદર જગ્યામાં અભ્યાસ કરવાથી વિદ્યાર્થીઓનું માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય સુધરે છે જેથી તેઓ વધુ પ્રગતિ કરી શકે છે.